પ્રાસ્તાવિક :

સ્નાતક કક્ષાના અભ્યાસ સુધી તો વિવિધ સ્વરૂપો અભ્યાસમાં આવી ગયાં પરંતુ એ સમયે આ બધા સ્વરૂપોનો જેટલો અભ્યાસ થવો જોઈએ એ ન થયો. આ ઉપરાંત પ્રાથમિક શાળામાં નોકરી મળવાને કારણે આ બધાં સ્વરૂપોનો ઊંડાણથી અભ્યાસ થઈ ન શક્યો. અનુસ્નાતક કક્ષાના અભ્યાસમાં નવલકથા, નવલિકા, નિબંધ, નાટક, વિવેચન જેવાં ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો વિશે જાણવાનું બન્યું. અનુસ્નાતક કક્ષાના અભ્યાસ દરમ્યાન કવિતાઓ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત થયું.અધ્યાપકો પાસેથી પણ પ્રેરણા મળી.

આ સમય દરમ્યાન પીએચ.ડી.ના પ્રવેશ માટેની પરીક્ષા પાસ કરી. ત્યારે મનોમન નક્કી કર્યું કે પીએચ.ડી.ના મહાશોધનિબંધ માટે પસંદગી થાય તો કાવ્યનું સ્વરૂપ પસંદ કરવું અને આ કાવ્યના એક મહત્ત્વના પ્રકાર તરીકે સોનેટ કાવ્યોને પસંદ કરવા. ગુજરાતી સાહિત્યમાં એવાં કેટલાય સમર્થ કવિઓના હાથે સોનેટનો કાવ્યપ્રકાર ખેડાયો છે.

પ્રવેશની પ્રક્રિયા દરમ્યાન માર્ગદર્શક તરીકે કોને પસંદ કરવા એ પણ એક પ્રશ્ન હતો. મારું નિવાસસ્થાન બાલાસિનોર. મારે પીએચ.ડી.ના અભ્યાસ માટે સુરત આવવું પડે. આ દરમ્યાન પ્રા. ડૉ. જશુ પટેલનો પરિચય થયો. મેં મારા અભ્યાસ અંગેની વાત કરી. એમને પણ પહેલાં આશ્ચર્ય થયું કે આટલે દૂરથી હું કઈ રીતે પીએચ.ડી.નો અભ્યાસ કરી શકીશ. પરંતુ મારો ઉત્સાહ જોઈ એમણે પણ માર્ગદર્શક તરીકે તૈયારી દર્શાવી.

હવે પ્રશ્ન હતો વિષય પસંદગીનો, મેં ડૉ. પટેલસાહેબને મારા મનની વાત રજૂ કરી. એમણે પણ થોડાંક સૂચનો કર્યા અને પછી પીએચ.ડી.ના શોધનિબંધ માટે વિષય પસંદ થયો. **ગુજરાતી સોનેટોમાં પ્રણય નિરૂપણ : [પસંદગીના કવિઓની સોનેટ રચનાઓના સંદર્ભે]**

સોનેટ જેવું કાવ્યસ્વરૂપ પારા જેવું પ્રવાહી સ્વરૂપ છે. આ સોનેટ કાવ્યોમાં વળી પાછાં પ્રણય કાવ્યોની ચર્ચા કરવાની હતી. આમ પણ કવિઓ માટે કે જનસમાજ માટે પ્રણય એ માનીતો અને ગમતો વિષય છે. ગુજરાતી સાહિત્યમાં કેટકેટલાંય કવિઓએ પ્રણય સોનેટ કાવ્યો રચ્યાં છે. એમાંથી પસંદગીના સોનેટકાવ્યોમાં નિરૂપિત પ્રણયની ચર્ચા કરવી આવશ્યક હતી. મેં મારા મહાશોધનિબંધને નીચે દર્શાવ્યા પ્રમાણેનાં પ્રકરણોમાં વિભાજિત કરવા વિચાર્યું છે.

પ્રકરણ–૧ : **સોનેટ : સ્વરૂપ અને વિકાસ**

પ્રકરણ–૨ : **ગુજરાતી સોનેટમાં પ્રણય નિરૂપણ**

પ્રકરણ–૩ : **બ. ક. ઠાકોરનાં પ્રણયસોનેટ કાવ્યો**

પ્રકરણ–૪ : **સુંદરમ્‌નાં પ્રણય સોનેટ કાવ્યો**

પ્રકરણ–૫ : **ઉમાશંકર જોશીનાં પ્રણય સોનેટ કાવ્યો**

પ્રકરણ–૬ : **ઉશનસ્‌નાં પ્રણયસોનેટ કાવ્યો**

પ્રકરણ–૭ : **જયન્ત પાઠકનાં પ્રણય સોનેટ કાવ્યો**

પ્રકરણ–૮ : **મણિલાલ હ. પટેલનાં પ્રણયસોનેટ કાવ્યો**

– **ઉપસંહાર**

– **સંદર્ભ ગ્રંથ સૂચિ**

ઉપરોક્ત તમામ પ્રકરણોનો સંક્ષેપ–સાર નીચે પ્રમાણે છે.

પ્રકરણ–૧

સોનેટ : સ્વરૂપ અને વિકાસ

ગુજરાતી કાવ્યપ્રકાર 'સોનેટ'નાં મૂળ જૂના સમયમાં એક 'ગેય' કાવ્યસ્વરૂપ તરીકે જોવા મળે છે. પરંતુ સમયના વહેણમાં વિકસી, એક નિશ્ચિતરૂપ ધારણ કરી, સંગીતને

બદલે તે વિચારપ્રધાન બન્યું એટલેકે મૂળ લયબદ્ધ સંગીત કાવ્યએ વિચારપ્રધાન રચનાનું સ્વરૂપ ધારણ કરી ૧૪ પંક્તિવાળું સોનેટ સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું

'સોનેટ' કાવ્યપ્રકારનો પ્રારંભ ઈટાલીમાં થયો હોવાનું માનવામા આવે છે. ઈટાલિયન Suonosઅવાજ શબ્દ ઉપરથી 'Sonnetto' શબ્દ ઘડાયો હશે એમ માની શકાય. સર આર્થર ક્વિલર કૂચે પણ 'Sonare'(વાજિંત્ર વગાડવું) પરથી 'Sonnetto' (વાદ્ય સાથે ગવાતું કાવ્ય) એવો અર્થ આપ્યો છે. સોનેટ માટે ભારતીય તેમજ પશ્ચિમની ભાષામાં જુદા જુદા પર્યાયો પ્રયોજાયા છે. તો વળી સોનેટ અંગે વિવિધ વિવેચકોનાં મંતવ્યો પણ નોંધવા જેવાં છે. પશ્ચિમના વિવેચક મોલ્ટન રમૂજ સાથે નોંધે છે કે, 'સોનેટ તો છે ....' '.... an apartment for a single gentleman iv verse.' તો વળી ઉમાશંકર જોશી કહે છે કે, "સોનેટ જોઈને આપણને થાય છે કે, વિરાટ વામનસ્વરૂપે વિહરે છે ત્યારે પણ કેવો સુંદર લાગે છે !"

આ પ્રકરણમાં સોનેટના બહિરંગ, પંક્તિ સંખ્યા, પ્રાસરચના, છંદ, અંતરંગની ચર્ચા કરવામા આવી છે. સાથે સાથે સોનેટ અને મુક્તક, સોનેટ અને ઊર્મિકાવ્ય જેવા મુદ્દાઓ તપાસ્યા છે. સોનેટના ત્રણ પ્રકારો જેવા કે, પેટ્રાર્કશાઈ સોનેટ, શેક્સપિરિયનશાઈ સોનેટ અને મિલ્ટનશાઈ સોનેટની ચર્ચા કરી છે. સોનેટનો વિકાસક્રમ બે તબક્કામાં તપાસ્યો છે. (૧) પશ્ચિમના સાહિત્યમાં સોનેટનો વિકાસ અને (૨) પૂર્વના સાહિત્યમાં સોનેટનો વિકાસ. વિવિધ યુગમાં થયેલા સોનેટના વિકાસની ચર્ચા કરવામાં આવી છે.

<u>પ્રકરણ–૨</u>

ગુજરાતી સોનેટમાં પ્રણય નિરૂપણ

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં સમગ્ર રાષ્ટ્રના તેમજ ગુજરાતના પ્રજાજીવનમાં જાગૃતિનો આરંભ થાય છે. અંગ્રેજોના સંપર્કને કારણે સાહિત્યસર્જનને નવી જ દિશા

સાંપડે છે. દૃષ્ટિ સમન્વયાભિમુખ બને છે. સાહિત્ય, કવિતા વિશેની સમજ અને દૃષ્ટિ બદલાય છે. કવિતાનો સુવર્ણકાળ બેસે છે. આ સમયમાં પ્રો. બ. ક. ઠાકોરના કાવ્યસંગ્રહ 'ભણકારા'(૧૯૧૭)નું પ્રકાશન થાય છે. સોનેટ સ્વરૂપ ક્ષેત્રે કાવ્યરચના નિમિત્તનો આ નવો જ પ્રયોગ પ્રત્યક્ષ થાય છે. બ. ક. ઠાકોરની સોનેટ સમૃદ્ધિ ગુજરાતી સાહિત્યને સાંપડે છે.

પ્રો. ઠાકોર અને કાન્ત બન્ને ગાઢ મિત્રો. કાન્તે નિજી પ્રતિભાના બળે 'ખંડકાવ્ય'નું નવું કાવ્યસ્વરૂપ આપ્યું. આજ કાન્તની કલમે રચાયેલ 'ઉપહાર' સોનેટ ધ્યાનાર્હ છે. 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહ કવિ કાન્તે બ. ક. ઠાકોરને અર્પણ કર્યો હતો. કાન્તે પોતાના હૃદયના ભાવોને સોનેટમાં શબ્દબદ્ધ કર્યા છે. નરસિંહરાવ દિવેટિયાએ સોનેટ પરત્વે પ્રારંભમાં ઉપેક્ષા દર્શાવેલી પણ સોનેટના કલાતત્ત્વને પારખ્યા પછી તેઓ સોનેટ સ્વરૂપ પ્રત્યે આકર્ષાયા. 'વીણાનું અનુરણન' તથા 'હૃદયવીણા' માના સોનેટો નોંધપાત્ર છે. જો કે પોતે મોટા ગજાના કવિ હોવા છતાં પોતાના સોનેટમાં બ. ક. ઠાકોર કરતાં કશો નૂતન વિશેષ લાવી શક્યા નથી.

કવિ ખબરદાર પાસેથી સંખ્યાની દૃષ્ટિએ ઘણાં સોનેટો પ્રાપ્ત થાય છે. ખબરદારે સોનેટને 'ધ્વનિત' એવું નામ આપ્યું હતું. જો કે એમના સોનેટોમાં આંતરસત્ત્વ ન હોવાને કારણે કૃત્રિમતા જણાય છે. ગુજરાતી સાહિત્યના નાટ્યગુરુ એવા ચં. ચી. મહેતા પાસેથી 'સ્મારક' સોનેટ પ્રાપ્ત થાય છે. ભાઈ–બહેનના નિર્વ્યાજ સ્નેહનું એ યાદગાર સોનેટ છે. ૧૯૩૦–૪૦ સુધીનો સમય ગુજરાતી કવિતાનો સમૃદ્ધિકાળ છે. આમ તો રા. વિ. પાઠક પંડિતયુગના પરંતુ ગાંધીયુગ સાથે વિશેષ સંકળાયેલા છે. 'શેષના કાવ્યો'માં સારાં સોનેટો છે. એમનું 'છેલ્લું દર્શન' સોનેટ નોંધપાત્ર છે.

ઉમાશંકર અને સુન્દરમ્ આ બન્ને સારસ્વત સહોદર ગુજરાતી ભાષાની ધન્યતા છે. 'વસુધા', 'યાત્રા', 'વરદા', 'મુદિતા' જેવાં કાવ્યસંગ્રહોમાં સુન્દરમ્ની સિદ્ધહસ્ત સોનેટકાર તરીકેની છબી ઊપસે છે. ઉમાશંકરના સોનેટો સુન્દરમ્ના સોનેટો કરતાં વધારે

વિચારપ્રધાન છે. ગંગોત્રી, 'નિશીથ', 'આતિથ્ય', 'અભિજ્ઞા' જેવાં સંગ્રહોમાંના સોનેટોમાંથી પસાર થતાં આ વાતનો અનુભવ થાય છે. સ્નેહરશ્મિ, રામપ્રસાદ શુકલ, સુંદરજી બેટાઈ, મનસુખલાલ ઝવેરી, પૂજાલાલ, કૃષ્ણલાલ શ્રીધરાણી, હરિશ્ચંદ્ર ભટ્ટ, પ્રહલાદ પારેખ જેવા સમર્થ કવિઓ પાસેથી પણ ઉત્તમ પ્રકારના સોનેટો પ્રાપ્ત થાય છે. પ્રહલાદ પારેખનો 'બારીબહાર' સંગ્રહ નોંધપાત્ર છે.

ઈ.સ. ૧૯૪૦ પછી ગુજરાતી કવિતામાં બાહ્ય પરિબળોનું પ્રતિબિંબ ઝિલાતાં કવિતાનો મિજાજ બદલાય છે. સામાજિક વાસ્તવ નહિ પણ વ્યક્તિજીવનનું આંતરભાવવિશ્વ આલેખવા પર કવિની નજર ઠરે છે. પ્રહલાદ પારેખ, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, જયન્ત પાઠક, બાલમુકુન્દ દવે, ઉશનસ્ વગેરે સોનેટ સ્વરૂપ પ્રત્યે આકર્ષાય છે. કવિતા સાધન મટીને સાધ્ય બને છે. રાજેન્દ્ર શાહના પ્રણય વિષયક સોનેટોમાં પ્રણયની મુગ્ધતા, પ્રસન્નતા, અભિપ્સા, પ્રણયની ઝંખના, તલસાટ, જીવનવસંતને ભરપૂર રીતે માણી લેવાની અદમ્ય ઈચ્છા વગેરે ઘુંટાઈને આવે છે. કવિ નિરંજન ભગતે પ્રણય અને સૌંદર્યનો ઊભય સમન્વય કરતી અનેક સોનેટ રચનાઓ કરી છે.

આ પછીના સ્તબકમાં પિનાકીન ઠાકોર, મકરંદ દવે, વિનોદ અધ્વર્યુ, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, હસમુખ પાઠક, લાભશંકર ઠાકર, પ્રિયકાન્ત મણિયાર, નલીન રાવળ, ચિનુ મોદી, રાવજી પટેલ, ધીરૂ પરીખ, માધવ રામાનુજ, રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, મણિલાલ પટેલ, કિશોરસિંહ સોલંકી વગેરે કવિઓ સોનેટરત રહ્યા છે. સોનેટનું વહેણ આ બધા કવિઓએ પાતળું પડવા દીધું નથી. આ ઉપરાંત પન્ના નાયક, હરિહર જોશી, હરિકૃષ્ણ પાઠક, વિનોદ જોશી, માણેકલાલ પટેલ, જિતેન્દ્ર વ્યાસ, ઈશ્વરચંદ્ર ભટ્ટ, રાજેન્દ્ર શુકલ વગેરે જેવા કવિઓનું સોનેટ સર્જન હજી ચાલુ છે. જે નોંધપાત્ર ઘટના છે.

પ્રકરણ–૩

બ. ક. ઠાકોરનાં સોનેટમાં પ્રણય નિરૂપણ

નર્મદ–દલપતથી શરૂ થયેલી અર્વાચીન કવિતામાં વખત જતાં આમૂલ પરિવર્તન આવ્યું. નર્મદે ગુજરાતી કવિતાની ક્ષિતિજો વિસ્તારી તો નરસિંહરાવે અંગ્રેજી ઊર્મિકાવ્ય સ્વરૂપને સફળ રીતે ગુજરાતી સાહિત્યમાં અવતાર્યું કવિ કાન્તે ખંડકાવ્ય સ્વરૂપનો પ્રાદુર્ભાવ કર્યો તો ન્હાનાલાલે કવિતામાં નૂતન પ્રયોગો કરી ડોલનશૈલી અને કવિતામાં છટાદાર વાણીના ઉપયોગની શરૂઆત કરી. આમ સમાજસુધારણા અને સંસારસુધારાના સ્થાને પંડિતયુગના સાક્ષર કવિઓએ સંસ્કૃતિનું ગાન કર્યું. પ્રો. બ. ક. ઠાકોરની કાવ્યવિભાવનાનો પ્રભાવ અને યુગપુરુષ ગાંધીજીના વ્યક્તિત્વ અને વિચારોનો પ્રભાવ ઝીલીને સાહિત્ય સર્જાવા લાગ્યું. સોનેટના આ સુશ્લિષ્ટ યુરોપીય કાવ્ય પ્રકારને ગુજરાતીમાં અવતારવાનો ઐતિહાસિક યશ પ્રો. ઠાકોરને ફાળે જાય છે. એમનું પહેલું સોનેટ 'ભણકારા' ઈ.સ. ૧૮૮૮માં પ્રગટ થયું.

બ. ક. ઠાકોરે પોતાની પ્રણય કવિતામાં પ્રણવનું ગાન અનોખી રીતે અને ભાતે કર્યું છે. લાગણીવેડા તરફ ઘસડાતી કવિતાને તેઓ નવી દિશા આપે છે. કડક સ્વભાવના પ્રો. ઠાકોરે રચેલા પ્રણય સંબંધી સોનેટ એમના વ્યક્તિત્વથી સાવ જ ભિન્ન એવાં સુકોમળ અને લાગણીથી છલકાતા હૃદયનો પરિચય કરાવે છે. 'પ્રેમની ઉષા'એ 'પ્રેમનો દિવસ' સોનેટ ગુચ્છનું પ્રથમ પ્રણય વિષયક સોનેટ છે. પ્રસ્તુત સોનેટમાં પ્રિયતમ અને પ્રિયતમાના સહજીવન અને તેમાંથી ઉદ્‌ભવતા પ્રણય સંવેદનનું હૃદયગમ આલેખન કવિએ કર્યું છે. પ્રણયનો સમર્પણ ભાવ અત્યંત સ્વાભાવિકતાથી કવિએ ઘણાં બધાં પ્રણયકાવ્યોમાં ઝિલ્યો છે.

'અદૃષ્ટિ દર્શન' સોનેટમાં નાયકની વિરહવ્યથા દરમ્યાનની મનઃસ્થિતિનું સુંદર આલેખન થયું છે. સતત નાયિકાના સ્મરણોમાં ડૂબેલો રહેતો નાયક નાયિકાની સ્મૃતિ છબીને સતત નજર સમક્ષ રાખે છે. મંદાક્રાન્તા છંદમાં રચાયેલા આ સોનેટનો આરંભ

લાગણીસભર સંબોધન સાથે થયો છે. 'નાયિકાની છેલ્લી સલામ' સોનેટમાં ઉપેક્ષાભાવ અનુભવતી અને પોતાની જાતને કોષતી કાવ્યનાયિકાનું સુંદર ચિત્ર બ. ક. ઠાકોરે શબ્દાંકિત કર્યું છે.

બ. ક. ઠાકોરે શેક્સપિરિયનશાઈ, મિલ્ટનશાઈ, પેટ્રાર્કશાઈ સોનેટમાં પોતાની કલમ અજમાવીને પ્રણય કાવ્યો આપ્યાં છે. બ. ક. ઠાકોરને વિશેષ કરીને શિખરિણી, મંદાકાન્તા કે પૃથ્વી છંદ પ્રણય નિરૂપણ માટે વિશેષ ફાવ્યા છે. 'નાયકનું પ્રાયશ્ચિત' પ્રણયકાવ્ય શાર્દૂલવિક્રીડિત છંદમાં પ્રયોજાયું છે. મનુષ્યજીવનની તમામ અવસ્થાઓમાં યુવાવસ્થા જીવનનો સુવર્ણકાળ માનવામા આવ્યો છે. આ કાવ્યના નાયકને પોતાની મુર્ખાઈ બદલ પસ્તાવો થાય છે. સોનેટની અંતિમ એ પંક્તિમાં કાવ્યનાયક પશ્ચાતાપરૂપે કહે છે.

"કે પ્રીછું તુ જ પ્રેમ કોમલ સખી. ને આ ઊરે જે કંઈ
ગાંભીર્ય દૃઢતા વળી સરલતા, તે જાણ ત્હારાં સહી."

કલ્પિત દામ્પત્યજીવનની વિવિધ ભાવપરિસ્થિતિઓના હૃદયગમ ચિત્રો રજૂ કરતી સોનેટમાળા 'પ્રેમનો દિવસ'માં પ્રણયની મૃદુલ અભિવ્યક્તિ સુંદર રીતે આલેખન પામી છે. તો 'મોગેરો'માં પ્રિયતમાના અનુનય માટે પ્રેમના પ્રતીક રૂપે તેની લટમાં કાવ્યનાયક મોગરો ગુંથવા જાય છે. પ્રેમની અભિવ્યક્તિમાં શબ્દો જ્યારે ઓછા પડે છે ત્યારે ફૂલનો સહારો લેવામાં આવે છે.

આવાં તો અનેક પ્રણય સોનેટ કાવ્યોની અહીં નોંધ કરી શકાય એમ છે. બ. ક. ઠાકોરનાં પ્રણય સોનેટ કાવ્યોમાં પ્રેમની સચ્ચાઈનો રણકો ભાવકને સંભળાય છે. આ પ્રેમ માત્ર દૈહિક નહીં પણ ઐહિક બની છે. પ્રેમની સાચી પરિભાષા આ બધાં પ્રણય કાવ્યો ભાવકને સમજાવી જાય છે. પ્રેમમાં હંમેશા ગુમાવવાનું જ હોય છે, પ્રેમ એ તો પ્રાયશ્ચિતની સાચી ભાષા છે. બ. ક. ઠાકોરનાં પ્રણય કાવ્યોમાંથી પસાર થતાં આ બધું અનુભવી શકાય છે.

પ્રકરણ–૪

સુંદરમ્‌નાં સોનેટમાં પ્રણય નિરૂપણ

'સુન્દરમ્‌' ઉપનામથી પ્રસિદ્ધિ પામેલા ત્રિભોવનદાસ લુહારે ગાંધીવિચારની આંગળી પકડી, વિદ્વાન કવિ વિવેચક ર.વિ. પાઠક પાસેથી છંદની તાલીમ મેળવી અને સાહિત્યયાત્રાનો પ્રારંભ કર્યો. એમણે ગાંધીજીના પ્રભાવ હેઠળ આવીને દીન, દલિત, પીડિત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતાં કાવ્યો રચ્યાં આ કાવ્યોમાં વૈવિધ્ય અને ગુણસંપત્તિ પણ છે. એમણે જ લખ્યું છે : "જગની સર્વ કડીઓમાં સ્નેહની સર્વથી વડી." જીવનની નક્કરભૂમિ ઉપર પગ ટેકવીને એમણે પ્રણયનું ગાન કર્યું છે, એને કારણે જ એમનું પ્રણયગાન હવાઈ બન્યું નથી.

સુંદરમ્‌ના પ્રણયમાં 'પ્રખર સહરની તરસ' છે. સહૃદય ભાવક રસલીન થઈ જાય એવી ભોવોદ્રેકતા એમની પ્રણયકવિતામાં છે. આ કવિને ગીત અને સોનેટ પ્રકારો વિશેષ ફાવ્યા છે. એમનાં પ્રણય કાવ્યોમાં એમનો પોતિકો મિજાજ રસાઈને આવે છે. પ્રણયની સ્વાનુભૂતિનો સાચો રણકાર એમની કવિતામાં સંભળાય છે. શબ્દવૈભવ અને અલંકારોનો બને એટલો ઓછો ઉપયોગ કરીને રચનારીતિના પ્રપંચ વગર એમણે પ્રણયની સ્વાનુભૂતિને કાવ્યબદ્ધ કરી છે. એમણે રચેલાં પ્રણયકાવ્યો સૌંદર્યલક્ષી તો છે જ સાથોસાથ એટલાં જ સંયમપૂર્ણ પણ છે, એટલે જ એમની કવિતા સંયમથી ભરેલી સંસ્કારી અને જીવનલક્ષી બની છે.

સુન્દરમે પ્રણયના વિવિધ ભાવોનું તેમની કવિતામાં નિખાલસતાથી આલેખન કર્યું છે, એટલે જ સુન્દરમ્‌ની પ્રણયકવિતા કોઈ નિશ્ચિત ચોકઠામાં બંધાયેલી નથી. પ્રણયના વિવિધ ભાવોનું આલેખન એમણે સ્વાનુભવના આધારે કર્યું છે. 'વસુધા'માં ખૂબ સુંદર પ્રણયકાવ્યો નિરૂપાયા છે. કવિએ પ્રખર સહરાની તરસને અને ઝંખનાને ગાયા છે. તો પ્રણયના મુગ્ધ ઉલ્લાસ અને પ્રિયાના સૌંદર્યને પણ ગાયું છે. આ બધા ભાવોના

આલેખનમાં ઈન્દ્રિયગ્રાહ્ય સૌંદર્યને પ્રગટ કરવાનો ગુણ તેમના પ્રણયકાવ્યોની વિશિષ્ટસિદ્ધિ બને છે.

સુન્દરમ્‌ને પ્રણયમાં શ્રદ્ધા છે અને તેથી જ જગતની સર્વ કડીઓમાં તે પ્રેમની, સ્નેહની કડીને સૌથી વધુ મજબૂત માને છે. તો બીજી બાજુ પ્રણયની તાકાત જાણવી એ એક વસ્તુ છે અને એમાં નિષ્ફળતા અનુભવવી એ બીજી વસ્તુ છે. એ વાતને પણ સમર્થન આપે છે. એમના અનેક કાવ્યોમાં વિષાદ અને એ વિષાદને ટાળવા માટેની સમાધાનવૃત્તિ પણ જોઈ શકાય છે. પ્રણયમાં સફળતા ન મળતાં તેમની રચનાઓનો નાયક નાસીપાસ થઈ જતો નથી. પરંતુ મનને આ બાબતને સ્વીકારવા મક્કમ બનાવે છે.

માનવ અને માનવતાના પ્રેમી સુન્દરમ્‌ આખી માનવજાતને ચાહે છે. આ જીવન સૌંદર્યના ઉપાસક સુન્દરમ્‌ કહે છે કે, "સુંદર ચીજને તો સૌ કોઈ ચાહે પણ અસુંદરને ચાહે તે જ ખરેખર ઈચ્છનીય છે. એમની પ્રણય કવિતામાં સત્ય અને સૌંદર્યનો સુભગ સમન્વય જોવા મળે છે. ભાવ અને ચિંતન એકબીજામાં ઓગળીને આવે છે. ઉપરની બધી બાબતો એમનાં પ્રણય કાવ્યોના આસ્વાદને કારણે અનુભવી શકાય છે.

<u>પ્રકરણ–૫</u>

કવિ ઉમાશંકર જોશીનાં સોનેટમાં પ્રણય નિરૂપણ

ગાંધીયુગના અગ્રણી કવિ ઉમાશંકર જોશી ગુજરાતી કવિતાના ઉત્તમ કવિઓમાંના એક સર્વ તો મુખી સર્જક છે. આબુના પ્રાકૃતિક સૌંદર્યને માણતા આ કવિના હૃદયમાંથી એક ચરણ સ્ફૂરે છે .... "સૌંદર્યોથી, ઊરઝરણ ગાશે પછી આપમેળે.

ઉમાશંકર જોશીએ શબ્દની આરાધના કરી છે. શબ્દ એમને માત્ર મળ્યો નથી ફળ્યો પણ છે. એમની કવિતાઓમાં જીવનની કઠોર, કોમળ વાસ્તવિકતાઓનું નિરૂપણ થયું છે. સત્ય, અહિંસા, રાષ્ટ્રપ્રેમ, વિશ્વબંધુત્વ એ ઉમાશંકર જોશીની કવિતાના વિષયો બને છે. એમની કવિતાનો આરંભ પણ સોનેટથી જ થાય છે. એમના સોનેટમાં પ્રણયભાવના

ચિત્રાત્મક વર્ણનો નોંધનીય છે. એમના સોનેટમાં માત્ર પ્રણયના સ્થૂળ ભાવો કે લાગણીઓનું જ નહિ, પરંતુ બહુધા પ્રેમના મુગ્ધ ઉલ્લાસનું આલેખન થયું છે. એમનો પ્રણયભાવ માત્ર આત્મલક્ષી રૂપમાં વહ્યો નથી. પ્રણયના આંતરિક સૌંદર્યનું માન ખૂબજ રસિકતાથી અને કલાત્મક રીતે એમણે કર્યું છે.

એમના સોનેટ કાવ્યોમાં અંગત પ્રણયાનુભવનાં કાવ્યો ઓછાં જોવા મળે છે. એમના સોનેટોમાં પ્રણય માટેનો તીવ્ર તલસાટ કે નિષ્ફળતામાંથી જન્મતા વિષાદ કે અજંપો નથી. પણ પ્રણયથી પ્રાપ્ત થતી તૃપ્તિનું શાંતચિત્ર અનુભવવા મળે છે. એમના ખૂબજ જાણીતા એવા 'નિશીથ' અને 'આતિથ્ય' કાવ્યસંગ્રહમાં ગ્રંથસ્થ થયેલાં સોનેટોમાં પ્રણયનું નિરૂપણ ખૂબજ સુંદર રીતે થયું છે. સ્વાનુભૂતિના આલેખનની સાથે સાથે પ્રણય અંગેનું એમનું ચિંતન તેમના હૃદયની કોમળતા અને કલાસંયમ વગેરે અભિવ્યક્ત થાય છે.

'સખી મેં કલ્પી'તી' એ 'નિશીથ' કાવ્યસંગ્રહનું સુંદર પ્રણય કાવ્ય છે. શિખરિણી છંદમાં રચાયેલું આ સોનેટ ઉમાશંકર જોશીની પ્રણયભાવનાને ઉજાગર કરે છે. કવિ કહે છે, "સખી મેં કલ્પી'તી, પ્રથમ કવિતાના ઉદય શી." કલ્પના, ઝંખના અને વાંચ્છના પછી કવિને પ્રેમનો સાક્ષાત્કાર થયો છે એ વખતે બીજું બધું વિસારે પડી જાય છે.

પ્રણયમાં મિલન અને વિરહ એ એક સિક્કાની બે બાજુઓ છે. મિલન પછી વિરહ અને વિરહ પછી મિલન એ પ્રણયીઓના જીવનનો ક્રમ છે. પ્રણયની વેદના અશ્રુ બનીને વહી શકતી નથી કે પછી શબ્દો બનીને કહી શકાતી નથી. કવિ ઉમાશંકરના પ્રણય સોનેટ કાવ્યોમાંથી પ્રસાર થતાં ઉપરની વાતની પ્રતીતિ થયા વગર રહેતી નથી.

<u>પ્રકરણ–૬</u>

ઉશનસ્‌નાં સોનેટોમાં પ્રણયનું નિરૂપણ

'ઉશનસ્‌'ના ઉપનામથી ગુજરાતી સાહિત્યમાં જાણીતા થયેલા નટવરલાલ કુબેરદાસ પંડ્યાનાં સોનેટો પણ માણવા જેવાં છે. ગીત, ગીતિ, ઊર્મિકાવ્ય, ગઝલ,

હાઈકુ, અછાંદસ જેવાં કાવ્યના પ્રકારોમાં સૌથી વધારે ખેડાણ એમણે 'સોનેટ' સ્વરૂપમાં કર્યું છે. 'મેણુ', 'હું જન્મ્યો છું કોઈ', 'હું અંતરિયાળે છું', 'અસફળ', 'હવે', 'સોહાગરાત અને પછી', 'અદ્વૈત', 'પ્રથમ શિશુ', 'એક ડાળીની વાત', 'સાજુકા પવનોમાં' જેવાં પ્રણય કાવ્યો નોંધ પાત્ર છે.

"હું જન્મ્યો છું કોઈ વિરહ તણું મીઠું દરદ લૈ,
ઉછેરે મારા જે ઊછરતું રહ્યું ગૂઢ ભીતરે."

જેવી સોનેટ રચનામાં જન્મોજન્મની પ્રીતિ અને પ્રિયજન સાથેના વિરહનાં મીઠાં દર્દની અભિવ્યક્તિ સાધનારા આ કવિને મન પ્રિયા પ્રત્યેની પ્રીતિ વસ્તુતઃ પરમાત્માની પ્રીતિ પ્રાપ્ત કરવાનું એક પગથિયું છે. ઉશનસ્‌ની પ્રણયભાવના ભારતીય સંસ્કૃતિએ પ્રબોધેલી ઉદ્દાત મંગલભાવના છે. વ્યક્તિ અને સમષ્ટિ પ્રત્યેના એકધારા ખેંચાણમાંથી કવિના ચિત્તમાં ખેંચતાણ સર્જાયાનો કાવ્યોદ્‌ગાર એમના પ્રણયકાવ્યોમાં અનુભવી શકાય છે. બુદ્ધ થવા માટે સિદ્ધાર્થ કરેલા મહાભિનિષ્ક્રમણને સંદર્ભે કવિની મથામણ અભિવ્યંજિત થઈ છે.

'રમણી અને પૃથ્વી' પ્રણય કાવ્યમાં રમણીના રમણીય ચહેરાને છાતી સરસો ચાંપીને કવિ જેવા પૃથ્વીની નજરથી બચીને અંતઃપૂરમાં સરકી જાય છે, છુપાવા મથે છે ત્યાં તો ચારે તરફથી ધરતીનો ગમગીન ઘેરો ચહેરો એમને ઘેરી વળે છે ને પછી અંતઃપૂર એમને ભીતર ખેંચે છે. કરગરે છે. પૃથ્વી અને રમણી વચ્ચેના એ પ્રીતિ સંઘર્ષમાં રમણીમુખનો હોઠ સુધી આવેલો જામ એળે જતો હોય એવી લાગણી કવિ અનુભવે છે.

'અસફળ' સોનેટમાં પ્રિયજનને પામવાની તાણવેલી અને ઈજનનું આલેખન થયું છે. પ્રિયજનને કંઈ એક જન્મમાં પામી શકાય નહિ. જેનામાં લાખ્ખો જન્મ સુધી ધીરજ રાખવાનું સામર્થ્ય ન હોય તેણે પ્રીતિને પંથે પ્રયાણ કરવા જેવું નથી. કવિ એમના પ્રણય કાવ્યો નિમિત્તે ઉપરની વાતની પ્રતીતિ ભાવકને કરાવે છે. ઉશનસ્‌ના પ્રણય કાવ્યો એ

દૃષ્ટિએ પ્રગાઢ, સ્વચ્છ અને આધ્યાત્મ પ્રેમને અભિવ્યક્ત કરે છે. એમના પ્રણય કાવ્યોમાં પ્રણયની મસ્તી કરતાં પ્રણયનું ચિતન વિશેષ રીતે રજૂ થયું છે.

પ્રકરણ–૭

જયન્ત પાઠકનાં સોનેટોમાં પ્રણયનું આલેખન

'મર્મર'થી માંડીને એમના મરણોત્તર પ્રકાશન 'અક્ષર પગલે' સુધીના એમનાં કાવ્યસંગ્રહોમાંથી પસાર થતાં સમજાય છે કે એમણે ગીત અને સોનેટ આ બે કાવ્યસ્વરૂપોને સમયની કાવ્યસાધનામાં આરાધ્યા છે. 'મર્મર'માં લગભગ ઓગણત્રીસ સોનેટો છે. એમાં પ્રણય અને દામ્પત્ય પ્રેમ વિષયક રચનાઓ પણ નોંધપાત્ર છે. 'આવ્યા છો તો', 'અપૂર્વ વૈખરી તારી', 'તો અહીં જ રહી જાઓ' જેવાં પ્રણય કાવ્યો નોંધનીય છે. આ બધાં પ્રણય સોનેટ કાવ્યોમાં કવિના સંવેદનશીલ હૃદયની અભિપ્સા વ્યક્ત થઈ છે. કવિ યશની ઝંખના કરતા લાગે છે. પ્રિયતમાને, ઈષ્ટદેવતાને સંબોધન કરતાં જણાય છે.

'સ્મરણો પ્રિયનાં', 'મને થતું', 'વળાવી ને આવું' જેવાં પ્રણયદામ્પત્ય વિષયક સોનેટોમાં કવિની કવિત્વશક્તિનો પરિચય થાય છે. કાવ્યનાયકને રૂપ, રંગ, ઢંગ બધી બાબતે અનાકર્ષક એવી પત્ની જીવનમાં મળી છે. આવી પત્નીને રોજ રોજ જોતાં પતિને થયા કરતું "કલા વિરૂપ સર્જનને શીદ રહ્યો વિધિ વેડફી ?" પ્રણયના એક બીજા જ રૂપને કવિએ 'ક્ષણોમાં જીવું છું' નામના સોનેટ કાવ્યમાં અભિવ્યક્તિ આપી છે.

શિશુનો જન્મ દંપતીનાં દામ્પત્યની વિલાની વેલને નવજીવન આપે છે. એની રજૂઆત 'તને અગર ચાહવા બની શકાય જો બાળક !' નામના કાવ્યમાં થઈ છે. 'વિસ્મય' પણ એમનો મહત્ત્વનો કાવ્ય સંગ્રહ છે. એમાં પણ પ્રણય દામ્પત્યની રજૂઆત થઈ છે. 'ગમે તો', 'અનુનય', 'પ્રીતિ', 'કવન', 'તને ચાહી ચાહી' વગેરે કાવ્યસંગ્રહોમાં પણ પ્રણયની અનુભૂતિ ભાવકને થયા વગર રહેતી નથી. 'રૂપવતીના

વિરહમાં' અને 'રૂપવતીના મિલનમાં' આ બે અનવદ્ય સોનેટ રચનાઓમાં પણ રૂપવતીને કવિ ઝંખે છે, એનામાં લીન થવા તલસે છે. રૂપવતીમાં વિલય ઝંખના કવિ રૂપવતી સાથે અદ્વૈત સાધવા માંગે છે. પ્રિયા સાથેની મિલનની ઝંખનાને કવિ નદી સાથેની પોતાની પ્રીતને બહાને વ્યક્ત કરે છે. જયન્ત પાઠકના કાવ્યસંગ્રહોમાં પ્રણયભાવને વ્યક્ત કરતાં સોનેટો વેરાઈને પડ્યાં છે.

પ્રકરણ–૮

મણિલાલ હ. પટેલનાં સોનેટોમાં પ્રણય નિરૂપણ

મણિલાલા હ. પટેલ પણ ઉશનસ્ અને જયન્ત પાઠકની જેમ પ્રકૃતિરાગી, અતીતરાગી કવિ છે. 'વિચ્છેદ', 'સાતમી ઋતુ', 'ડુંગરી કોરી ઘર કર્યા', 'સીમાડે ઊગેલું ઝાડવું', 'પદ્મા વિનાના દેશમાં' જેવા કાવ્યસંગ્રહોમાંથી પસાર થતાં એ વાતની પ્રતીતિ થાય છે. 'વિચ્છેદ'ની કવિતાઓમાં નાયિકાના મનોભાવો રજૂ થાય છે. પરંતુ એ નાયિકા કોણ ? એનો જવાબ ભાવકને 'પદ્મા વિનાના દેશમાં' કાવ્યસંગ્રહમાંથી મળી રહે છે. એ નાયિકા છે પદ્મા. કવિ ચેતનામાં પડેલી પદ્મા. પદ્મા વગર રોમેન્ટિક મૂડ જ ન બંધાય. પદ્મા વિનાની રાતમાં કવિ દેહવટો પામ્યા છે. તેઓ વરસી શકતા નથી. પતંગિયું બની ઊડી શકતા નથી. 'નથી, નથી નથી'માં પદ્માની અનુપસ્થિતિમય ઉપસ્થિતિ કવિએ પ્રતીતિગમ્ય બનાવી આપી છે.

મણિલાલ નિસર્ગમાં ઓગળી ગયા છે. જે શોધવાનું છે તેમાં જ ઓગળી જવાનું છે. 'પ્રેયસી : એક અરણ્યાનુંભૂતિ' કાવ્યમાં કવિએ પ્રેયસીને અરણ્ય તરીકે નિહાળી છે. બારીનું પ્રકૃતિરૂપે નિરૂપણ સુરેશ જોશીમાં મળે છે. મણિલાલમાં પણ પલ્લા ગામની પ્રકૃતિ જ નારીરૂપ–પ્રેયસીરૂપ ધરીને આવી છે. નારીને પ્રકૃતિના રૂપમાં અનુભવી છે કવિએ. 'વનમાં' નામના કાવ્યમાં એનો ખ્યાલ આવે છે. કવિને પ્રતીક, કલ્પનો આ પ્રકૃતિમાંથી જ પ્રાપ્ત થયાં છે. 'શિવાલય' કાવ્યમાં કવિએ વતનમાં જોયેલી આદિવાસી કન્યાઓ જ રૂપ બદલીને આવી છે. કવિના પ્રકૃતિરાગ સાથે પ્રણયરાગનાં છાંટણા પણ

અનુભવી શકાય છે. પ્રકૃતિના વિવિધરૂપોની પડછે કવિએ પ્રણયરાગના આલાપ પણ છેડ્યા છે. કવિ લખે છે.

"આંબા મ્હોર્યા સીમમાં વાટે વગડે ગંધ
મન મ્હોર્યા નરનારનાં ખૂલ્યાં બારણા બંધ."

પ્રકૃતિની ઓથે કવિએ નરનારીના મનોભાવોને લોકગીતની ઢબે વાચા આપી છે. ફાગણની જેમ કવિ પણ ખીલી ગયાં છે. મણિલાલ હ. પટેલના પ્રણયકાવ્યોમાં જીવનનું ઊંડાણ પણ અનુભવી શકાય છે. પ્રકૃતિ નિમિત્તે એમણે પ્રણયની અભિવ્યક્તિ સાધી છે. ગુજરાતી સાહિત્યના આ કવિએ પ્રણયની મસ્તીને એના ગહનરૂપમાં આલેખવાનું યોગ્ય માન્યું છે.

સમગ્ર પ્રકરણને અંતે સંદર્ભસૂચિ રજૂ કરી છે. ગુજરાતી સાહિત્યના મોટા ગજાના કવિઓની સોનેટ રચનાઓમાં અભિવ્યક્ત થયેલ પ્રણય ભાવનાનું ભાવન કરવાનો મારો ઉપક્રમ છે.

અસ્તુ.

સુરત,
તા. –૧૨–૨૦૧૪.

[સંગીતાબેન જે. પટેલ]
અધ્યેતા

ડૉ. જશુ પટેલ
માર્ગદર્શક